Conclusion



## -: શોધપ્રબંધ સંક્ષેપ :-

''અર્વાચીન ગુજરાતી શોકોર્મિકાવ્યોની સમીક્ષાત્મક અભ્યાસ'' મહાનિબંધની રૂપરેખા નીચે મુજબ છે.

ગુજરાતી ઊર્મિકવિતાનો વિકાસ વિવિધ કાવ્ય સ્વરૂપોમાં થયો છે. એમાં મૃત્યુજન્ય શોકનું આલેખન કરતી ગુજરાતી સાહિત્યની ઊર્મિકવિતા એક આગવા કાવ્યસ્વરૂપ તરીકે ઓળખી શકાય તેમ છે. એનું સર્જન કોઈ એક સમયના ચોક્કસ ગાળાનું સર્જન નથી. અનન્ય રૂપોમાં મૃત્યુની વૈશ્વિક સંવેદનાને તેમાં સંકલન આપવાથી સાહિત્યના ફલક ઉપર તેનું ચિરંજીવ અસ્તિત્વ છે. કેટલીક રચનાઓ તો ઊંચા સાહિત્યિક મૂલ્યને કારણે ગુજરાતી કાવ્ય સાહિત્યમાં શીરમોર બની છે. ગુજરાતી ઊર્મિકાવ્યમાં શોકોર્મિકાવ્ય વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. પરંતુ તેના અભ્યાસથી આગળ તેની સ્વરૂપલક્ષી શોધ થાતી નથી. એવી રચનાને ગણવી તારવી લઈ, તેના અભ્યાસને આધારે શોકોર્મિકાવ્યમાંથી નિષ્પન્ન એક વિશિષ્ટ કાવ્યસ્વરૂપની શક્યતા જણાઈ. ગુજરાતી સાહિત્ય-વિવેચનની પ્રવૃત્તિમાં ઊર્મિકવિતા વિશેનો અભ્યાસ વિસ્તાર અને સૂક્ષ્મતાથી થયો છે. એના અપાર વૈવિધ્યમાંથી શોકોર્મિકવિતાનું સ્વરૂપકીય વૈવિધ્ય કેવું છે? એના સંશોધન માટે મેં મહાનિબંધનો આ વિષય પસંદ કર્યો.

''અર્વાચીન ગુજરાતી શોકોર્મિકાવ્યનો સમીક્ષાત્મક અભ્યાસ'' મહાનિબંધ ચાર પ્રકરણોમાં વિભક્ત છે.

(૧) ઊર્મિકવિતા.
(૨) શોકોર્મિકવિતાનું સ્વરૂપ.
(૩) શોકોર્મિકવિતાની સમીક્ષા
(૪) શોકોર્મિ કવિતાનું સંપન્ન સ્વરૂપ

પ્રકરણ -૩ માં ઊર્મિકવિતા અને શોકોર્મિકવિતાના સ્વરૂપવિચાર જ એના અભ્યાસ અને સંશોધનનું અનુસંધાન છે. પ્રકરણ ત્રીજું ૧૨ પેટાવિભાગોમાં વિભાજીત છે.



kalpana's

ઊર્મિકવિતાના પ્રકરણ-૧ માં પ્રમ પાશ્ચાત્ય સાહિત્યમાંથી આપણે ત્યાં પ્રવર્તેલા ઊર્મિકાવ્યના સ્વરૂપ વિશેની નિબંધ વિભાગની ભૂમિકા માટે સમજ નિરૂપી છે. ઊર્મિકવિતાના વર્ગીકરણમાંથી વિરહોર્મિકવિતા અંતર્ગત લઘુવિરહોર્મિ-કવિતા તરીકે શોકોર્મિકવિતા અને ટૂંકા વિષાદકાવ્યોનો નિર્દેશ કર્યો છે. તેવી રચનાઓ અર્વાચીન ગુજરાતી કવિતામાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી " અર્વાચીન શોકોર્મિ કવિતા" તરીકે તેને ઓળખાવી પ્રસ્થાપિત કર્યું છે કે શોકોર્મિકવિતા ઊર્મિકવિતાના સ્વરૂપલક્ષણને વરેલી આત્મલક્ષી લઘુવિરહોર્મિકવિતાના વર્ગની ઊર્મિકવિતા છે.

પ્રકરણ-૨ " શોકોર્મિકવિતાનું સ્વરૂપ" મહાનિબંધનું મહત્વનું પ્રકરણ છે. શોક, મૃત્યુ જેવી ઘટનાઓને નિરૂપતાં અનેક કાવ્યરૂપો આપણે ત્યાં પ્રચલિત છે એ સઘળા કાવ્યરૂપોની સ્વરૂપલક્ષી મિતાક્ષરી નોંધો મૂકીને શોકોર્મિકાવ્યની સ્વરૂપકીય વ્યાવર્તકતા શી છે. એની શોધ અહીં મૂકી છે. અને શોકોર્મિકાવ્યના સ્વરૂપને બાંધવાનો નમ્ર, ઉપક્રમ રચ્યો છે. વિવિધ શોકોર્મિકાવ્યોમાં જણાઈ આવતાં કેટલાંક સમાન કાવ્યાંશોની શોકોર્મિકવિતાના સ્વરૂપની શોધના આશયથી પ્રકરણને અંતે તારવણી આપી છે.

પ્રકરણ-૩ આમાં આગળના પ્રકરણના કળશરૂપે ગુજરાતી શોકોર્મિકવિતાનો સમીક્ષાત્મક અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. નર્મદ-દલપતરામથી માંડીને નવમા દાયકા સુધીના કવિઓની બધી મળીને અંદાજે ૪૦૦ કાવ્યકૃતિઓની અહીં સમીક્ષા છે. સમીક્ષા વિશદ બની રહે, એ હેતુથી કૃતિ/ કૃતિઓમાંથી પ્રસ્તુત બની રહે એ રીતે મુદ્દાઓનું પૃથક્કરણ કર્યું છે અને પૃથક્કરણાનુસાર પેટા વિભાગો પાડીને શોકોર્મિકવિતાનો અભ્યાસ પ્રસ્તુત કર્યો છે એ પેટા વિભાગો નીચે પ્રમાણે છે.



kalpana's

૧. શોકોર્મિકવિતામાં સ્વજનસંદર્ભ.

૨. " " મૃત્યુનું આલેખન.

૩. " " મંથન, ચિંતન, સમાધાનનું આલેખન.

૪. " " શોકની ભાવાભિવ્યક્તિ.

૫. લઘુવિષાદકાવ્યોમાં વિષાદનું આલેખન.

૬. શોકોર્મિકવિતામાં કરુણની રસાનુભૂતિ.

(અ) કરુણની રસનિષ્પત્તિ.

(બ) " રસસંક્રાંતિ

૭. શોકોર્મિકવિતામાં ભાષાકર્મ.

૮. " " અંજલિનું વૈવિધ્ય.

૯. " " ની સિદ્ધિમર્યાદા.

૧૦. " " નો તુલનાત્મક અભ્યાસ.

૧૧. " " માં પ્રગટ થતી દામ્પત્યભાવના.

૧૨. " " અને નિવાપાંજલિઓ.

પ્રકરણને અંતે અભ્યાસમાં ઐતિહાસિક અને તુલનાત્મક અભિગમ સ્વીકારીને શોકોર્મિકવિતાની વિશેષતા મર્યાદાઓની ચર્ચા પણ રજૂ કરી છે. જુદા જુદા બાર પેટા વિભાગોમાં વિશદ સમીક્ષા હોવાથી શોકોર્મિકવિતાના અભ્યાસનું તે કેન્દ્રવર્તી પ્રકરણ છે. પ્રકરણ-૩ માં રજૂ કરેલા અભ્યાસને ધ્યાનમાં રાખીને જ એ પ્રકરણનું ''શોકોર્મિકવિતાની સમીક્ષા'' નામ આપવાનું યોગ્ય લાગ્યું ''અર્વાચીન ગુજરાતી શોકોર્મિકાવ્યોની સમીક્ષાત્મક અભ્યાસ'' મહાનિબંધનું શીર્ષક છે. અને તેની સાથે પ્રકરણ-૩ સીધું સંકળાયેલું હોવાથી....



kalpana's

સંશોધનના શીર્ષક પ્રકરણ તરીકે તે મહત્વનું પ્રકરણ છે. અંગ્રેજી શોકોર્મિકાવ્યના ઉત્તમ કાવ્યવિશેષો છે. એમ એકાધિક કાવ્યોને આધારે તપાસ્યું છે. લાગણીના સહજોદ્ગારની સચ્ચાઈનો રણકો આપણાં દાંપત્યપ્રેમ પર આધારિત શોકોર્મિકાવ્યોમાં ભાવાભિવ્યક્તિની ઉત્કટતા જુદી તરી આવે છે તેમ અનેક કાવ્યોમાંથી જાણી શકાયું છે. નિવાપાંજલિકવિતા પણ શોકોર્મિકવિતાની સાથે જ વિકસતી, કાંઈક કાઢે તેવી આશાઓ આપતી કવિતા છે. સંખ્યાની દૃષ્ટિએ પણ તે ઠીક ઠીક સમૃદ્ધ છે, એવું તારવ્યું છે.

પ્રકરણ-૪-માં શોકોર્મિકવિતાના સ્વરૂપની ચર્ચામાંથી ઉપલબ્ધ લક્ષણો સંશોધનના નિષ્કર્ષરૂપે તારવ્યાં છે તે નીચે મુજબ છે.

૧. સ્વજનસંદર્ભ.

૨. મૃત્યુ એક કાવ્યબીજ તરીકે.

૩. શોકની ભાવાભિવ્યક્તિની અનિવાર્યતા.

૪. કરુણની રસાનુભૂતિ – એ પ્રાણતત્વ.

૫. લાઘવ ઉત્તમ લક્ષણ.

૬. મૃત્યુજન્ય શોકની આત્મલક્ષી ઊર્મિની અભિવ્યક્તિ.

૭. લાગણીના સહજોદ્ગારની ઉત્તમ અભિવ્યક્તિ.

૮. એક આગવું સ્વરૂપ ધરાવતી ઊર્મિકવિતાના બહુવિરહોર્મિ વર્ગની શોકોર્મિકવિતા.

શોકોર્મિકવિતાની સમીક્ષા અને વિશેષ ઉપલબ્ધિ તેમજ લક્ષણોને આધારે સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે શોકોર્મિકવિતા કાવ્યપ્રકારની નથી. પણ



kalpana's

કાવ્યસ્વરૂપ છે. અર્વાચીન યુગમાં આ કવિતાએ ઠીક ઠીક વિકાસ સાધ્યો છે. શોકોર્મિકવિતાના વ્યાપક સર્જન અને ખેડાણને આધારે તેના કાવ્યત્વ, સ્વરૂપ અને લક્ષણ અંગેના અભ્યાસના પરિણામ સ્વરૂપે ત્રણ ઉપલબ્ધિ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત થાય છે.

(૧) ઊર્મિકવિતા તરીકે શોકોર્મિકવિતાનું સ્વરૂપમૂલ્યાંકન.

(૨) સંપન્ન સ્વરૂપકવિતા તરીકે શોકોર્મિકવિતાનું સ્વતંત્ર કાવ્યસ્વરૂપ અને તેના મુખ્ય લક્ષણો.

(૩) વિવિધ કાવ્યોમાંથી સિધ્ધિરૂપે ઉપલબ્ધ કાવ્યવિશેષ.

ઉપલબ્ધ કાવ્યસ્વરૂપ નિરૂપી કેટલીક ભાવિ સંભાવનાઓ તરફ અંગુલિનિર્દેશ કરી મહાનિબંધ પૂરો કર્યો છે.

kalpana's